Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ



ब्रिद्या विषादाय धनं मदाय शक्ति परेषां
परीपीडनाय खलस्य ।
साबोर्वापरीपातमे तद् ज्ञानय दानाय च रक्षणाय ॥


પુસ્તક : ૮૯
અંક : ૧૨

આસો
ઓકટોબર-૧૯૯૨

આત્મ સંવત ૯૬
વીર સંવત ૨૫૧૮
વીક્રમ સંવત ૨૦૪૮


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અ નુ ક્ર મ ણિ કા


| ક્રમ | લેખ | લેખક | પૃષ્ઠ |
| --- | --- | --- | --- |
| ૧ | શ્રી વીરજિનેશ્વર સ્તવન | શ્રી જંબુવિજયજી મહારાજ સા. | ૧૨૯ |
| ૨ | લબ્ધિનિધાન ગુરુ ગૌતમસ્વામી | | ૧૩૦ |
| ૩ | શ્રી મહાવીર પ્રભુના ઉપદેશથી જીવન પર અસર | | ૧૩૨ |
| ૪ | સંવત ૨૦૪૮નું હિસાબ અને સરવૈયું | | ૧૩૬ |
| ૫ | એક આનાનો જાદુ | અનુવાદક કે. આર. સલોત | ૧૪૦ |
| ૬ | અમૃત મહોત્સવ | | ૧૪૨ |
| ૭ | સમાચાર | | ૧૪૪ |


## આભાર સ્વીકાર

કલ્યાણ માસીક દ્વારા "અતુલમ્ દિક્ષા વિશેશાંક કે જે, વડગામ નીવાસી વિશા ઓસવાળ ક્ષત્રીય શેઠીવર્ય શાહ પ્રેમચંદ ઇશ્વરલાલ પરીવારના કુળ દિપક અતુલકુમારે અનેક ભૌતિક સુખોને અસાર સમજી પ્રવજ્યા અંગીકારે કરી તેનો આ દળદાર અંકમાં ખુબ અભ્યાસ પુર્ણ અને માહીતી પુર્ણ લેખોં દ્વારા પ્રકાશીત કર્યા છે દિક્ષા એવં દેશ વિદેશની અનુમોદના અંકમા પ્રકાશીત કરેલ છે. પ્રકાશકને ધન્યવાદ

## સભાસદ બંધુઓ અને સભાસદ બહેનો,

સવિનય જણાવવાનું કે, સં. ૨૦૪૯ કારતક સુદિ ૧ને સોમવાર તા. ૨૬/૧૦/૯૨ના રોજ બેસતા વર્ષની ખુશાલીમાં મંગળમય પ્રભાતે આ સભાના સ્વ. પ્રમુખશ્રી શેઠશ્રી ગુલાબચંદભાઇ આણંદજી તરફથી પ્રતિ વર્ષ કરવામાં આવતી દૂધ પાર્ટીમાં સવારના ૯-૩૦ થી ૧૧ આપશ્રીને પધારવા અમારૂં સપ્રેમ આમંત્રણ છે.

કાર્તિક સુદિ પંચમીને શુક્રવાર તા. ૩૦/૧૦/૯૨ના રોજ સભાના હોલમાં કલાત્મક રીતે જ્ઞાન ગોઠવવામાં આવશે તો દર્શન કરવા પધારશોજી,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

માનદ્ તંત્રીશ્રી : પ્રમોદકાંત ખીમચંદ શાહ એમ. એ., બી. કોમ, એલ. એલ બી.



## શ્રી વીરજિનેશ્વર સ્તવન

રચયિતા :- શ્રી જંબૂવિજયજી મહારાજ સાહેબ

સદા ગુણ ગાઉં મૈં તેરા, પ્રભુ મહાવીર જિનરાયા;
કરું મૈં ભક્તિ સે સેવા, ભજૂં વીતરાગ! તુજ પાયા.

ન દેખી એસી મુખમુદ્રા, જગતમેં ઢુંઢ ફિર આયા;
પ્રભુ! તુઝ મૂર્તિ દર્શનસે, અતિ આનંદ દિલ છાયા.

જીણંદા ત્રિશલાનંદા! મુઝે તું એક દીલ ભાયા;
જપું મૈં નામ નિત તેરા, નમું મૈં નિત્ય તુંઝ પાયા.

જગાકે આત્મ જ્યોતિકો, હટા દો મોહ કી માયા;
છુડા દો દુઃખ હે સ્વામી! અતિ મૈં દુઃખ સબ પાયા.

મિટા દો જન્મ-મરણોકી, અનાદિ ફેરી જિનરાયા;
કરો ઉદ્ધાર જંબૂ કા પ્રભુ! તેરે શરણ આયા.

卐

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# લબ્ધિનિધાન ગુરુ ગૌતમસ્વામી

અંગુઠે અમૃત વસે, લબ્ધિતણા ભંડાર,
તે ગુરુ ગૌતમ સમરીએ, વાંછિત ફળ દાતાર.

પ્રાતઃકાળનો સમય એટલે જાગૃતિનો સમય, પ્રકાશ ફેલાવવાનો સમય, આવા પ્રકાશમય મંગળ સમયે આપણે જ્યોતિર્મય આત્માઓનું સ્મરણ કરીએ છીએ. જેમણે પોતાનો આત્મપ્રકાશ રેલાવીને મનના ઘોર અંધકારને દૂર કરી પોતાના અન્તરને અનન્ત પ્રકાશથી જગમગતું કરી દીધું. અરે તેમણે માત્ર પોતાનાજ અંધારાને નહિ પરંતુ સંસારના ઘોર અજ્ઞાનમય અંધકારમાં ભટકતા અને અંધકારમાં ઠોકરો ખાતા પ્રાણીઓની અંદર પણ જ્યોતિ જગાવીને તેમના અંધકારને પણ દૂર કરેલ છે. એવા મહાપુરૂષોનું આપણે પ્રાતઃકાળે સ્મરણ કરીએ છીએ

તે અંધકાર કેવો હતો? ક્રોધનો અંધકાર, અહંકારનો અંધકાર, લોભ લાલચ, મોહમાયાનો અંધકાર, કે જેમાં વ્યક્તિ અનાદિ કાળથી ઠોકર ખાઇને ચાલી રહી છે. તે અંધકારને મહાપુરૂષોએ ક્ષમાનો પ્રકાશ રેલાવી ક્રોધના અંધકારને દૂર કર્યો, વિનમ્રતાના પ્રકાશથી અંહકારનો નાશ કર્યો. સંતોષરૂપ પ્રકાશથી લોભ લાલચરૂપી અંધકાર દૂર કર્યો. સમ્યગ્‌જ્ઞાનના પ્રકાશથી વિકારોનો અંધકારના અભેદ્ય કીલ્લા તોડી ભૂમિશાયી કરી દીધા.

આવા પ્રાતઃસ્મરણીય મહાપુરૂષોમાં એક છે ભગવાન મહાવીરના પટ્ટ શિષ્ય ગણધર ગૌતમ, શ્રમણ ભગવાન મહાવીરના નિર્વાણની રાત્રીએ એમનામાં અનન્ત આત્મ જ્યોતિ જાગૃત થઇ. તેમને કેવળજ્ઞાન થયું અને બાર વર્ષ બાદ વૈભારગિરિ પર તેમનું નિર્વાણ થયું.

તેમણે શ્રમણસાધનામાં પ્રવેશ કર્યો તે પહેલા તેઓ વેદવેદાંગના પૂર્ણજ્ઞાતા હતા. શાસ્ત્રાર્થ કરવામાં તેઓ અજોડ હતા અને શ્રમણ માર્ગ ગ્રહણ કર્યા પછી શ્રુત સાહિત્યના પૂર્ણ જ્ઞાતા બન્યા.

તેઓ પૂર્ણતઃ શાન્ત અને વિનમ્ર હતા. તેમના મનમાં કદિ પણ અહંકાર પ્રવેશી શક્યો નથી. તેમના જીવનમાં કદિ આગ્રહ કે દુરાગ્રહની વૃત્તિ નહોતી.

સત્ય સમજવા માટે હંમેશ તેઓ જિજ્ઞાસુ હતા. સત્ય સમજાય એટલે તેનો સ્વીકાર કરી લેવાની એમનામાં સ્વાભાવિક વૃત્તિ હતી.

તેઓ ભગવાન મહાવીરના શિષ્ય કેવી રીતે બન્યા તેનો એક પ્રસંગ છે. એકવાર ભગવાન મહાવીર દેશના આપી રહ્યા હતા. તેઓ ધર્મ અને યજ્ઞના નામે ચાલતી હિંસાનો વિરોધ કરી રહ્યા હતા ભગવાનની દેશનાના એ શબ્દો ગૌતમના કાન સુધી પહોંચ્યા અને તેમની અહંકારવૃત્તિ જાગી ઉઠી તેઓ વિચારવા લાગ્યા, કે "આ ક્ષત્રિયને ઉપદેશ આપવાનો શો અધિકાર છે? અને વળી એ યજ્ઞનો પણ વિરોધ કરી રહ્યા છે. તો હું એમની પાસે જઇ એમને પરાજિત કરૂં."

પરંતુ તેઓ સમવસરણમાં પહોંચ્યા અને ભગવાન મહાવીરના દર્શન કર્યા કે તરતજ તેમનામાં રહેલો અહંકાર ઓગળી ગયો તેઓ વિનમ્ર અને વિનયી બની ગયા. જ્યારે ભગવાન મહાવીર પાસેથી બોધ પ્રાપ્ત થયો કે આત્માનું સ્વરૂપ, અહિંસાનું સ્વરૂપ અને યજ્ઞનું વાસ્તવિક સ્વરૂપ જાણ્યું કે તરત જ તેઓએ પોતાની જાતને ભગવાન મહાવીરના ચરણોમાં સમર્પિત કરી દીધી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ત્યાર પછી કદી પણ તેમણે જાતિનો ગર્વ કર્યો નથી કે કદી વંશ કે કૂળનું અભિમાન કર્યું નથી. તેમણે જગત્ ગુરુ ભગવાન મહાવીરના ચરણોમાં બધા પ્રકારના વિકારો અને અંહકારનો ત્યાગ કર્યો

ગૌતમ ભગવાન મહાવીરથી ઉંમરમાં મોટા હતા. વ્યક્તિને કોઇ કોઇ વાર પોતાની મોટી ઉંમરનું પણ અભિમાન થાય છે. પરંતુ ગૌતમને ઉંમરનું અભિમાન પણ નહોતું જ્યારે પણ તેમના મનમાં જિજ્ઞાસા થતી કે તરતજ એક બાળકની માફક ભગવાન મહાવીરની પાસે પહોંચી જતા અને પોતાના પ્રશ્નોનું સમાધાન તેમની પાસેથી મેળવતા.

સાચો શિષ્ય તો તેને કહેવાય કે જેણે અહંકારને જડમૂળથી ઉખાડી ફેંકી દીધો હોય. અહંકાર અને શિષ્યત્વ, અંધકાર અને પ્રકાશની જેમ સાથે રહી શકે નહિ. જ્યાં પ્રકાશ છે ત્યાં અંધકાર રહી શકે નહિ. શિષ્ય ગુરુની આગળ કદાપી ચાલી શકે નહિ એ તો ગુરુની પાછળજ ચાલે, તેનેજ સદા અનુસરે!

ગણધર ગૌતમ પણ જ્યાં સુધી દૃષ્ટિમાં પૂર્ણતા ન આવી ત્યાં સુધી ભગવાનના અનુયાયી રહ્યા. જ્યાં સુધી ભગવાન મહાવીર રહ્યા ત્યાં સુધી તેમના અંતેવાસી રહ્યા. તેમનું જીવન મહાન હોવા છતાં પણ તેઓ વિનમ્રતાથી પરિપૂર્ણ હતા. જ્યારે પણ પોતાનો પરિચય આપવો હોય ત્યારે તેઓ માત્ર એટલું જ કહેતા કે "હું શ્રમણ ભગવાન મહાવીરનો શિષ્ય છું."

ભગવાન મહાવીરના તીર્થમાં નાના-મોટા, વિદ્વાન-સામાન્ય એમ વિવિધ પ્રકારના સાધુ સાધ્વી હતા. તેમાં ગણધર ગૌતમની બધાની સાથે સમાન દૃષ્ટિ હતી. જો સંઘમાં કોઈ સાધુ બિમાર હોય તો ગૌતમ સૌની પહેલા ત્યાં પહોંચી જતા અને ખબર અંતર પૂછતા. એમના મનમાં અહંકારની ગ્રંથીજ નહોતી તેઓએ બધી મનોવિકારોની ગ્રંથીઓને ચકનાચૂર કરી દીધી હતી તેમના મનમાં સન્માનની ભૂખ પણ નહોતી કે બીજી કોઇ પણ આકાંક્ષા નહોતી.

તેમણે ૫૦ વર્ષની ઉંમરે દીક્ષા અંગીકાર કરી હતી અને એંશી વર્ષની ઉંમરે તેઓ કેવળજ્ઞાની થયા દીક્ષા અંગીકાર કરતાજ તેમણે તપસાધના શરૂ કરી દીધી હતી અને તે નિરન્તર ચાલુ રહી હતી.

તેમનામાં અનેક લબ્ધિઓ હતી પણ તેમણે કદી સ્વાર્થ સિદ્ધિ માટે તેનો ઉપયોગ કર્યો નથી. જો જરૂર પડી તો જનકલ્યાણ માટેજ તે શક્તિઓનો ઉપયોગ કરતા. શાસ્ત્રમાં એટલે સુધી વર્ણન છે કે તેમના શરીરનો સ્પર્શ કરીને જે હવા વહેતી તેનાથી રોગીઓના રોગ દૂર થઇ જતા. આ એમની અપાર કરુણા, દયા, તેમજ સદ્ભાવનાનોજ પ્રભાવ હતો.

તેથીજ આપણે સૌ પ્રાતઃકાળના જ્યોતિર્મય મંગલ સમયે તે મહાન જ્યોતિર્ધર ગુરુનું સ્મરણ કરીએ છીએ તેમના મહાન્ જીવન સાગરમાંથી નમ્રતાનું, સદ્ભાવનાનું, કરુણાનું તેમજ સમર્પણ ભાવનાનું એક બિંદુ પણ જો આપણને મળી જાય, તો આપણું જીવન જ્યોતિથી ઝળહળી ઊઠે. આપણે પ્રાર્થના કરીએ કે આ મહાપુરુષોના જીવનનું આ સૂત્ર આપણા જીવનમાં ઓતપ્રોત થાય :- "સેવા કરો, જેટલી બને તેટલી સેવા કરો, પણ સેવા લેવાની કામના ન કરો."

મહાપુરુષોનું સ્મરણ આપણા મનને પવિત્ર બનાવે છે, વાણીને મધુર બનાવે છે, કર્મને પાવન બનાવે છે.

આવા પરમ પાવનકારી ગણધર ગૌતમસ્વામીને કોટી કોટી પ્રણામ.

હિન્દી ઉપરથી સંકલિત, સંકલ કાર : 'રક્ત તેજ'



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી. મહાવીરપ્રભુના ઉપદેશથી જીવન પર અસર

ભગવાન મહાવીર સામાન્ય મનુષ્ય કરતાં અનેક ગણા મહાન હતા-છતાં જ્યાં સુધી તેઓને કેવલજ્ઞાન ન મળ્યું, જ્યાં સુધી તેમને આત્મ-સાક્ષાત્કાર ન થયો ત્યાં સુધી તેઓએ ઉપદેશ આપવાનો આરંભ કરેલો નહિ, લગભગ ૪૨ વર્ષની વય સુધી તો એમણે માત્ર પૂર્ણ જ્ઞાનની શોધ કરી. એ જ્ઞાનની પ્રાપ્તિ મેળવી, ઉપદેશક બનવાનો અધિકાર પ્રાપ્ત કર્યો અને ત્યારપછી જ એમણે ઉપદેશ આપવાનો શરૂ કરેલો.

ભગવાન મહાવીરને કેવલજ્ઞાન પ્રાપ્ત થયું ત્યારથી તેઓ અર્હંત, જિન, વીતરાગ ઇત્યાદિ નામોથી ઓળખાવા લાગ્યા, ભગવાને જુદા જુદા પ્રકારના ૩૪ અતિશયો (વિશિષ્ટ પ્રકારની શક્તિઓ) પ્રાપ્ત કર્યા હતા આ અતિશયો તીર્થંકરોને જ હોય છે. અને એ અતિશયોના બળથી માત્ર અર્ધમાગધી ભાષામાં જ ઉપદેશ આપવા છતાં પ્રવચનસભામાં આવેલા તમામ દેશના પુરુષો અને પશુપક્ષીઓ પણ પોતપોતાની ભાષામાં સમજી શકતાં હતાં. તેઓ જ્યાં જ્યાં જતા ત્યાં આજુબાજુના પ્રદેશોમાં રોગચાળો તેમજ કુદરતના ઉપદ્રવો, આસમાની સુલતાનીના પ્રસંગો બનતા ન હતા.

સંસારત્યાગ કરતી વખતે શ્રી. મહાવીરે પ્રતિજ્ઞા કરેલી કે : "જેણે સમભાવ પ્રાપ્ત કર્યો હોય અને જે સર્વ પ્રાણીઓ પ્રતિ પોતાના આત્મા માફક જોતાં શીખે તે જ ખરો અહિંસક આત્મા છે તે જ સાચો ધર્માત્મા છે. જ્યાં સુધી આત્મા રાગદ્વેષ છોડે નહિ, ત્યાં સુધી કોઈ પણ જાતનું તપ વાસ્તવિક રીતે લાભકારક નથી. જયારે જીવ પ્રાણીમાત્ર પ્રતિ સમભાવે જોઇ શકે ત્યારે જ તે રાગદ્વેષ પર વિજય મેળવી શકે. "આમ સમભાવ અને રાગદ્વેષથી મુક્ત રહેવાના સિદ્ધાંતો જીવનમાં ઉતારીને જ તેઓ સંસારને છોડી નીકળ્યા હતા. અનુભવે અને આધ્યાત્મિક સિદ્ધિ વડે ઘડાઈ ગયા પછી શ્રી મહાવીર પ્રભુને જાંભક ગામમાં જ્યારે એમને પૂર્ણ સાક્ષાત્કાર થયો ત્યારથી જ એમણે ઉપદેશ આપવો શરૂ કર્યો.

શ્રી. મહાવીર પ્રભુ જગતના આદિકારણ કે કર્તા ઇશ્વર છે એમ કહેતા નથી અને જગતને આદિમાન પણ માનતા નથી પરન્તુ જગતનું ચક્ર કાળ, સ્વભાવ, નિયતિ કર્મ અને પુરુષાર્થ એ પાંચના મેળથી સ્વયમેવ ચાલ્યાં કરે છે. શ્રી. મહાવીર પ્રભુના મંતવ્યાનુસાર મનુષ્યને જે સુખ-દુ:ખ પડે છે, એના જીવનમાં દૃષ્ટાનિષ્ટ તત્ત્વો આવે છે. તેનું મૂળ કારણ મનુષ્યોનાં કર્મો છે. ભગવાન સાધનાના સર્વોચ્ચ શિખરે પહોંચવા અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ આ પાંચ મહાવ્રતોના પાલન પર ખાસ ભાર મૂકે છે.

શ્રી. મહાવીર પ્રભુ સત્યની વ્યાખ્યા આપતાં જણાવે છે કે તન, મન અને વચનની એકતા રાખવી આપણા વચનોમાં સાયુજ્ય હોય, એટલે, આજથી વર્ષો પૂર્વે જે તાત્ત્વિક ઉચ્ચારણ થયું હોય તેમાં અને આજના ઉચ્ચારણમાં સંવાદિતા હોય તે જ ખરું સત્ય છે.

અહિંસા માટે તેઓ જણાવે છે કે, પ્રત્યેક પ્રાણીમાં પ્રબળ જિજિવિષા હોય છે અને આ વૃત્તિ સર્વવ્યાપી છે એટલું જ નહિ કિન્તુ સર્વ વૃત્તિ-ઓમાં મહાન અને જીવનની સર્વ વૃત્તિઓની પ્રેરક અને સંચાલક હોય છે. જિજિવિષાને લીધે આયુષ્યનો અંત આવે તે સૌને અપ્રિય લાગે છે, એટલું જ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નહિ, કિન્તુ પ્રત્યેક પ્રાણીમાત્રને સુખમાં જ જીવવાનું ગમે છે. દુઃખ સૌને અપ્રિય હોય, સૌ કોઈ દુઃખથી દૂર નાસે છે. આમ હોવાથી કોઈપણ પ્રાણીનો વધ કરવો, યા તેને ઇતર પ્રકારે શારીરિક યા માનસિક કષ્ટ આપીને તેની સુખમાં જીવવાની ઇચ્છામાં અંતરાય નાંખવો એ મહાન પાતક છે, અને એ પાતકને શ્રી મહાવીર પ્રભુ હિંસા કહે છે તેમનો સિદ્ધાંત તો જીવો, જીવવા દો એટલું જ નહિ પણ તમારા જીવનના ભોગે પણ જીવાડો એ છે.

શ્રી મહાવીર પ્રભુ અહિંસાને જ સર્વ ધર્મોમાં મહાન ગણે છે. अहिंसा परमो धर्मः એ એમનો જીવન સિદ્ધાંત છે. તેઓ સર્વ સ્થળે ઉપદેશ આપતાં કહેતા કે : "હે વિચારવંત પુરુષ, જન્મના અને વૃદ્ધત્વના દુઃખથી તો સ્વાનુભવે તુ પરિચિત થયો હશે જ, અને તને જેમ સુખની ઇચ્છા થાય છે તેમ સર્વને સુખની ઇચ્છા સ્વાભાવિક રીતે થાય જ. આમ તો માત્ર તારો જ નહિ, કિન્તુ, સર્વ જીવોને, પ્રાણી માત્રને તારામાં જોતાં શીખે, અન્યને તારાથી જુદા નહિ લેખે, અને બીજા સાથે વર્તતાં તું સામા પક્ષના પ્રાણીને સ્થાને તને કલ્પી તારો વિચાર કરે, તો કદીય કુમાર્ગે નહિ જાય, માટે કોઇ પણ જીવને, મન, વચન કાયાથી મારીશ કે મરાવીશ નહિ. કોઇ પણ જીવને હણવો નહિ, તેના પર હકુમત ચલાવવી નહિ, તેને કબજે કરવો નહિ. અને તેને હેરાન કરવો નહિ" આમ શ્રી મહાવીર પ્રભુની અહિંસાની વ્યાખ્યા અત્યંત વ્યાપક છે.

શ્રી મહાવીર પ્રભુ સર્વ ગુણોમાં અહિંસા-દયા ને મહાન લેખતા. કારણ કે અનેક ગુણોનો ઉત્કર્ષ પૂર્ણાંશે સધાય ત્યારે જ દયા પૂરેપૂરી ખીલે અને વિકસે આત્માના ઉત્કર્ષાર્થે શ્રી મહાવીર પ્રભુ દશ ધર્મોનું સેવન અવશ્ય માનતા. આ દશ ધર્મોનું આપણે સંક્ષેપમાં અવલોકન કરીએ

(૧) ક્ષમા : અપરાધીને માફી આપવી તે. શક્તિ હોવા છતાં સહન કરવાનો સ્વભાવ તેને ક્ષમા અથવા સહનશીલતા કહી શકાય. આ ક્ષમા પાંચ પ્રકારની છે: ૧. ઉપકારક્ષમા, ૨. અપકારક્ષમા, ૩. વિપાકક્ષમા, ૪. વચનક્ષમા, અને ૫ ધર્મક્ષમા. આત્માનો ધર્મ જ ક્ષમા છે. શિક્ષા કરવાની શક્તિ હોવા છતાં પણ જે સંયમ કેળવી સહનશીલતા રાખે તે ધર્મક્ષમા છે. આ ક્ષમા સૌથી શ્રેષ્ઠ છે, અને એજ પ્રકારની ક્ષમા સૌએ રાખવી જોઇએ. અહીં દશ ધર્મોમાં ક્ષમાને પ્રથમ સ્થાન આપી, ક્ષમા એ દયાનું મુખ્ય સાધન છે એમ શ્રી મહાવીર પ્રભુએ દર્શાવ્યું છે.

(૨) સરળતા : આર્જવતા : સરળતા એટલે કપટરહિતપણું. માનવની અંતરશુદ્ધિને અર્થે અત્યંતાત્યંત આવશ્યક ગુણ સરળતાનો છે માનવહ્રદય પારદર્શક હોય તેના જેવું સુખ બીજું એકે નથી. અગ્નિ જેમ સુવર્ણને શુદ્ધ કરે છે તેમ સરળતારૂપી અગ્નિ માનવહ્રદયને અને તેના આચરણનું શુદ્ધિકરણ કરે છે ધર્મપાલન માટે શુદ્ધિની પ્રાથમિક જરૂરિયાત છે.

(૩) માર્દવતા–નમ્રતા : અભિમાનનો ત્યાગ આ ત્રીજો ધર્મ છે. મોક્ષપ્રાપ્તિ માટે મુમુક્ષુએ નિરભિમાનતા કેળવવાની ખાસ અગત્ય છે. જ્યાં અભિમાન હોય છે ત્યાં મોક્ષ માર્ગ સાધી શકાય નહિ અભિમાન વિનાશક છે જ્યારે વિનમ્રતા સદ્‌ગુણોની પ્રસ્થાપક છે.

(૪) મુક્તિ : મુક્તિ એટલે નિર્લોભતા કોઇ પણ ઇષ્ટપદાર્થનાં કે વિષયમાં તૃષ્ણા–આસક્તિ ન રાખવી તે મુક્તિધર્મ કહેવાય.

(૫) તપ : આ ચોથો ધર્મ છે. તપ એટલે ઇચ્છાનિરોધ કરવો તે શ્રી મહાવીર પ્રભુએ બાહ્ય તપના છ પ્રકારો ગણાવ્યા છે. આ છ પ્રકારમાં પ્રથમ ઉપવાસ છે. શરીરની બધથી વધુ પ્રબળ અને માનવને માયામાં જકડનારી ઇન્દ્રિય સ્વાદેન્દ્રિય



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

હોય છે. સ્વાદેન્દ્રિય માનવને બાળપણથી ઘડપણ સુધી વળગી રહેલી છે. આમ રસનાનું આક્રમણ જ માનવ ઉપર વધુ હોવાથી, સ્વાદેન્દ્રિય ઉપર વિજય મેળવવા, એમણે ઉપવાસ કરવાનું કહ્યું છે વળી, ભૂખથી ઓછું ખાવું તે ઉણોદરી તપ કહેવાય આ બે ધર્મોથી સ્વાદેન્દ્રિય ઉપર અવશ્ય સંયમ કેળવી શકાય અને તેની ઉપર વિજય પ્રાપ્ત કરી શકાય તૃતીયપ્રકાર રસત્યાગ આમાં રસકસવાળા પદાર્થોનો યથાશક્તિ ત્યાગ કરવો તથા ઘી, દૂધ, દહીં, તેલ, ગોળ વગેરે વસ્તુઓ તથા તેની બનેલી વસ્તુઓમાંથી હંમેશાં થોડો ઘણો ત્યાગ કરવો તેને રસત્યાગ કહે છે. કાયાનું દમન કરવું, પછી પોતાના શરીરનાં અંગોપાંગને સંયમમાં રાખવાં, આ છ પ્રકારના બાહ્ય તપના પ્રકારો છે આ બાહ્ય તપ સાધ્યા પછી શ્રી મહાવીરસ્વામી આપણને આભ્યન્તર તપ પ્રત્યે દોરી જાય છે. બાહ્ય તપની જેમ આભ્યન્તર તપ પણ છ પ્રકારનું છે. આભ્યન્તર તપમાં પ્રથમ સ્થાન પ્રાયશ્ચિત્તનું છે. પ્રાયશ્ચિત્ત દ્વારા આત્માની શુદ્ધિ થાય છે, માનવને પોતાના કૃત્યો પ્રત્યે તટસ્થતાથી નિરખવાની તક મળે છે અને ભવિષ્યમાં ભૂતકાળનાં પાપો ન થાય તેની સલામતી રહે છે. પ્રાયશ્ચિત્ત પછી વિનય, સેવા, ધ્યાન, કાયોત્સર્ગ અને સ્વાધ્યાય એ છ આભ્યંતર તપના પ્રકારો છે. આમ તપધર્મના બાર પ્રકારો છે.

(૬) **સંયમ :** પાંચ મહાવ્રત અને અણુવ્રત ઇત્યાદિ વ્રતોનું અંગીકાર કરવું તે સંયમધર્મ કહેવાય છે એ સંયમધર્મના ૧૭ પ્રકારો છે. ઇન્દ્રિયનિગ્રહને પ્રત્યેક ધર્મમાં મહત્ત્વનું સ્થાન આપ્યું છે અને સંયમદ્વારા પ્રત્યેક ઇન્દ્રિય ઉપર વિજય મેળવી શકાય છે. આ સંયમધર્મ પણ અહિંસાની જેમ વ્યાપક અર્થમાં લેવાનો છે. સંયમધર્મ એટલે ટૂંકમાં, આહાર, વિહાર તથા પ્રત્યેક ઐહિક સુખની ઇચ્છા પર વિજય.

(૭) **સત્ય :** પ્રિય હિતકારી અને સાચું એ ત્રણ વિશેષગુણોવાળું જે વચન બોલવું તે સત્યવચન કહેવાય. અથવા લીધેલી શુભ પ્રતિજ્ઞા પાળવી તે પણ સત્યવચન કહી શકાય. સત્ય તો પરાપૂર્વથી જગતનાં પ્રત્યેક ધર્મમાં સ્વીકારાયેલો અગત્યનો ધર્મ છે.

(૮) **પવિત્રતા : શૌચ :** આ આઠમો ધર્મ છે. દાતણ, સ્નાન, મજ્જન આદિની પવિત્રતા દ્રવ્યશૌચ કહેવાય છે જ્યારે અધ્યવસાયની પરિણતિ શુભ રાખવી તે ભાવશૌચ કહેવાય છે. આમાં ગૃહસ્થને બન્ને પ્રકારનાં શૌચ હોય છે, જ્યારે મોક્ષમાર્ગાભિમુખી મુનિને મુખ્યત્વે ભાવશૌચ હોય છે.

(૯) **અપરિગ્રહ : અકિંચનધર્મ :** એમાં કોઇ પણ જાતનો પરિગ્રહ નહિ તે અપરિગ્રહ. અપરિગ્રહ એટલે સ્થૂલ કે સૂક્ષ્મ, સ્થાવર કે જંગમ કોઇ પણ પ્રકારના પદાર્થો ઉપર મૂર્છાનો અભાવ, સંયમ કરવાની વૃત્તિ ઉપર સંયમ.

(૧૦) **બ્રહ્મચર્ય :** શ્રી મહાવીર પ્રભુના સમયમાં ધર્મોપદેશકોમાં નીતિશૈથિલ્ય પ્રવર્તમાન હતું અને તેથી જ "કાલાદિ દોષોના કારણે કેટલાક મન્દબુદ્ધિવાળા જીવો અપરિગ્રહ વ્રતનો યથાર્થ અર્થ ન સમજવાના કારણે અપરિગ્રહમાં સ્ત્રીઓને સ્થાન આપતા નહોતા તેથી ત્યાગ ધર્મની પવિત્રતાને હાનિ ન પહોંચે એ માટે તેઓ અપરિગ્રહનો અર્થ સંકુચિત બનાવી અપરિગ્રહમાં સ્ત્રીઓને સ્થાન આપતા નહોતો. તેથી ધર્મમાં પૂરેપૂરું પાવિત્ર્ય આણવા માટે, મહાવીર પ્રભુએ બ્રહ્મચર્યને અત્યંત મહત્ત્વ અર્પેલું. તેથી ચાર મહાવ્રતો ચાલતાં હતાં તેની જગ્યાએ પાંચ કર્યા. અને અપરિગ્રહમાંથી બ્રહ્મચર્ય વ્રતને અલગ પાડી દીધું. બ્રહ્મચર્ય એટલે માત્ર મૈથુનનો કે સ્ત્રીના સ્પર્શનો ત્યાગ એટલું જ નહિ પણ સંપૂર્ણ સંયમપૂર્વક મન, વચન અને કાયાનો નિગ્રહ કરી કામવાસના પર કાબૂ મેળવવો તે છે.

આ દશ પ્રકારના યતિ ધર્મ અર્થાત્ સાધુ ધર્મ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

છે પરન્તુ, યથાયોગ્યપણે એ દશે ધર્મ અમુક અમુક અંશે ગૃહસ્થને પણ અંગીકાર કરવા યોગ્ય છે.

શ્રી. મહાવીર પ્રભુના મંતવ્યાનુસાર, આ દશ ધર્મોનું યથાયોગ્ય પાલન કર્યું હોય તો ભય, રાગ, દ્વેષ, માયા, વિષય, કષાયો વગેરે દુર્ગુણો સ્વયમેવ નાશ પામે છે અને માનવને સાચા માર્ગની, સાચા જ્ઞાનની પ્રાપ્તિ થાય છે.

શ્રી. મહાવીર પ્રભુના આ દશ ધર્મોમાં મહાન ધર્મરૂપ શ્રી. મહાવીર પ્રભુએ અહિંસા શીખવી અને જૈનધર્મનું જ નહિ કિન્તુ સારા આર્યાવર્તનું જે સંરક્ષણ કર્યું છે અને હિંસાત્મક બ્રાહ્મણ-ધર્મને અધઃપાતમાંથી ઉગાર્યો છે તે માન જૈન ધર્મને ઘટે છે. યજ્ઞને શ્રી. મહાવીર સ્વામીજીએ સ્વીકાર્યો છે અને મોક્ષના એક સાધન તરીકે એમણે યજ્ઞને લેખ્યો છે પણ તે યજ્ઞ એટલે પશુ અને માનવોનું ક્રૂરતાભર્યું બલિદાન નહિ કિન્તુ, સંસાર પોષક રાગ, દ્વેષ; મદ, મોહ, માયાદિ કર્મને જલાવી દેવા રૂપ આધ્યાત્મિક યજ્ઞનો સ્વીકાર કર્યો છે. ભગવાને યજ્ઞના સ્થૂલ સ્વરૂપને મૂકીને યજ્ઞના સૂક્ષ્મ સ્વરૂપને ઉપદેશ્યું અને લોકોને આત્મત્યાગનો મહામંત્ર શીખવાડ્યો.

જેમ યજ્ઞનો પણ સૂક્ષ્માર્થ શ્રી. મહાવીરે ઉપદેશ્યો તેવીજ રીતે એમણે યુદ્ધનો પણ સૂક્ષ્માર્થ ઉપદેશ્યો. એમણે બાહ્ય અને સ્થૂલ યુદ્ધ કરતાં આન્તર અને સૂક્ષ્મ યુદ્ધને વધુ પ્રાધાન્ય આપ્યું, અને તેમણે સર્વ જનોને ઉપદેશ કર્યો કે, "હે મુનિ, તું બહારના યુદ્ધો ત્યજીને માત્ર તારા હૃદયમાં જે વૈરીઓ છે તેની સાથે જ યુદ્ધ કર." અર્થાત્ આપણા શરીરમાં જે ષડ્રિપુઓ રહેલા છે, પ્રતિપળે આપણા હૃદય ઉપર આક્રમણ કરે છે.. તેની સામે યુદ્ધ કરીને વિજય મેળવવાનું શ્રી મહાવીર પ્રભુ ઉપદેશે છે અરે ! ષડ્રિપુઓ જ નહિ કિન્તુ માનવ હૃદયમાં ઊઠતી અને જાગતી પ્રત્યેક આશા, અભિલાષા, ઊર્મિઓ એ સર્વે સાથે દારૂણતમ યુદ્ધ કરીને મેળવેલો વિજય માનવને મોક્ષ માર્ગે લઇ જાય છે એમ શ્રી મહાવીર પ્રભુ માને છે.

શ્રી. મહાવીર પ્રભુનો વધુમાં વધુ અગત્યનો અને મહાન ઉપદેશ સમાનતાનો હતો. તેઓ કહેતા કે બ્રાહ્મણ, ક્ષત્રિય વગેરે વર્ગો તો માત્ર ક્રિયાજન્ય છે અને અમુક કાર્યોના વિભાગો કરવાથી, સમાજનું તંત્ર સરળતાથી ચાલી શકે તેને માટે છે. માટે બ્રાહ્મણને ત્યાં જન્મવાથી સઘળા હકો મળી શકે છે અને અન્યને ત્યાં જન્મવાથી સર્વ હકમાંથી માનવ વંચિત રહે છે એ ભ્રમજનક અને વિપથગામી માન્યતા છે. સર્વને ધર્મોપદેશ સાંભળવાનો સમાન હક અને અધિકાર છે. અહિંસા ધર્મને ન જાણનારો, યજ્ઞમા પશુ અને માનવીઓને હોમી દેનારો, ખરો બ્રાહ્મણ નથી. ખરો બ્રાહ્મણ તો જે પોતાના આત્માને ઓળખે, આત્માનું સાચું સ્વરૂપ જાણે અને અહિંસાને જ જીવનધર્મ લેખે તેજ છે. તેથી, શૂદ્રમાં જો આ ગુણો હોય અને બ્રાહ્મણ ન હોય, તો શૂદ્ર બ્રાહ્મણ કરતાં ઉચ્ચ છે એટલું જ નહિં, પરન્તુ એ પૂજનીય પણ લેખાવો જોઇએ.

શ્રી મહાવીરસ્વામી માને છે અને ઉપદેશે છે કે, આત્મા જ કર્મના બંધનોની જાળને તોડીને, એનાં આવરણો દૂર કરીને, પોતાની શુદ્ધિ કરીને જ્યારે વિકાસની અને પાવિત્ર્યની અંતિમ પરાકાષ્ટાએ પહોંચે ત્યારે જ એ આત્મા પરમાત્મા બને છે અને આમ આત્મા પરમાત્મા બને ત્યારે જ મોક્ષ મેળવે છે. આમ શ્રી. મહાવીર પ્રભુએ ઉપદેશેલો ધર્મ સંકુચિત નથી, પરંતુ બુદ્ધિને સંતોષે એવો શુદ્ધ બનેલો અને અહિંસા અને સમાનતાના ઉચ્ચ ધોરણે રચાયેલો ધર્મ છે આવી રીતે શુદ્ધિ પામેલો, અને સ્વબળથી તથા કર્મોના આવરણો ફેડીફેડીને તથા માયાના બંધનોમાંથી મુક્ત થઇને જે આત્મા સિદ્ધ બને તે ઇશ્વર છે. આત્મા પોતે જ પોતાનાં કર્મોનો કર્તા છે, ભોક્તા છે, અને કર્મનો અન્ત કરનાર છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ

૩૧મી માર્ચ ૧૯૯૨

| ફંડ તથા જવાબદારી | | રૂા. | રૂા. |
|---|---|---|---|
| **બીજો અંકીત કરેલા ફંડ :-** | | | |
| ફંડના પરિશિષ્ટ મુજબ | .... .... .... | | ૪૧૦૬૦૮ |
| ઠાંણાગસુત્ર ગ. વ સ. મુજબ | .... .... .... | | ૧૨૦૦૦ |
| **જવાબદારીઓ :-** | | | |
| લાઇબ્રેરી તથા પુસ્તક ડીપોઝીટ .... | ... | ૫૧૮૫૮ | |
| અન્ય જવાબદારીઓ | .... | ૪૧૮ | |
| | | | ૫૨૨૭૬ |
| | કુલ રૂા. | | ૪૭૪૮૮૪ |

ટ્રસ્ટીઓની સહી

૧. પ્રમોદકાંત ખીમચંદ શાહ

૨. મોહનલાલ જગજીવન શાહ

૩. કન્તીલાલ આર. સલોત

૪. ચીમનલાલ વર્ધમાન શાહ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સભા–ભાવનગર.

નોંધણી નંબર
એફ/૩૭ ભાવનગર

ના રોજનું સરવૈયું

| મિલ્કત | | રૂ. | રૂ. |
|---|---|---|---|
| **સ્થાવર મિલ્કત :** | | | |
| ગઈ સાલની બાકી | .... .... | .... | ૧૧૧૩૧૬ |
| **ડેડસ્ટોક ફર્નીચર :–** | | | |
| ગઈ સાલની બાકી | .... .... | .... | ૬૧૫૭ |
| **માલ સ્ટોક :–** | | | |
| પુસ્તક તથા કાગળ સ્ટોક | .... ... | .... | ૧૯૩૬૦ |
| **એડવાન્સીઝ :–** ઇલેકટ્રીક ડીપોઝીટ | | | ૧૪૦ |
| બીજાઓને | | ૭૦૭ | |
| | | ——— | ૭૦૭ |
| **રોકડ તથા અવેજ :–** | | | |
| (અ) બેન્કમાં ચાલુ ખાતે | .... .... | .... | |
| બેન્કમાં સેવીંગ્ઝ ખાતે | .... .... | ૨૬૭૪૫ | |
| બેન્કમાં ફીક્સ્ડ અથવા કોલ ડીપોઝીટ ખાતે | | ૩૦૩૦૦૦ | |
| (બ) ટ્રસ્ટી/મેનેજર પાસે | | ૪૪૩ | |
| | | ——— | ૩૩૦૧૮૮ |
| **ઉપજ ખર્ચ ખાતુ :–** | | | |
| ગઈ સાલની બાકી ઉધાર | .... .... | .... | |
| ઉમેરો : ચાલુ સાલની તુટના આવક ખર્ચ ખાતા મુજબ | | ૬૦૫૩ | |
| | | ——— | |
| બાદ : ગઈ સાલના જમા બાકી | .... .... | ૨૦૩૭ | |
| | | | ૪૦૧૬ |
| | | | ——— |
| | કુલ રૂ. | | ૪૭૪૮૮૪ |

ઉપરનું સરવૈયું અમારી માન્યતા પ્રમાણે ટ્રસ્ટના ફંડો તથા જવાબદારીઓ તેમજ મિલ્કત તથા લ્હેણાનો સાચો અહેવાલ રજુ કરે છે.

ભાવનગર.
તારીખ ૨૧ મે ૧૯૯૨

સંઘવી એન્ડ કું.
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ

૩૧મી માર્ચ ૧૯૯૨ના રોજ પુરા

| આવક | | | રૂ. | રૂ. |
|---|---|---|---|---|
| ભાડા ખાતે :- (લહેણી/મળેલી) | .... | ... | .... | ૧૨૧૮૯ |
| વ્યાજ ખાતે :- (લહેણી/મળેલી) | | | | |
| બેન્કના ખાતા ઉપર | .... | .... | .... | ૩૬૪૦૭ |
| દાન/ગ્રાન્ટ :- | | | | |
| પર્યુષણ ભેટ | .... | .... | .... | ૩૩૧૮ |
| બીજી આવક :- | | | | |
| પસ્તી વેચાણ | ... | .... | ૫૭૫ | |
| પુસ્તક નફો | .... | .... | ૧૫૧૬ | |
| પર્યુષણ આવક | ... | .... | ૯૦૦ | |
| | | | | ૨૯૯૧ |
| ખાદ જે સરવૈયામાં લઇ ગયા તે :- .... | | .... | .... | ૬૦૫૩ |
| | | કુલ રૂા. | | ૬૧૪૫૮ |

ટ્રસ્ટીઓની સહી

૧. પ્રમોદકાંત ખીમચંદ શાહ
૨. મોહનલાલ જગજીવન શાહ
૩ કાન્તીલાલ આર સલોત
૪. ચીમનલાલ વર્ધમાન શાહ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સભા—ભાવનગર

નોંધણી નંબર
એફ/૩૭ ભાવનગર

થતાં આવક અને ખર્ચનાં હિસાબ

| ખર્ચ | | | રૂા. | રૂા. |
|---|---|---|---|---|
| મિલ્કત અંગેનો ખર્ચ :- | | | | |
| મરામત અને નિભાવ | .... | .... | ૧૫૯૦૪ | |
| વીમો | .... | .... | ૧૦૮૨ | |
| | | | ——— | ૧૬૯૮૬ |
| વહીવટી ખર્ચ :- | ... | ... | ... | ૧૩૩૫૧ |
| કાનુની ખર્ચ :- | ... | ... | .... | ૩૦૦ |
| ઓડીટ ખર્ચ - | .. | ... | ... | ૨૨૫ |
| ફાળો અને ફી :- | | | | ૮૦૧ |
| પરચુરણ ફી :- | .... | .... | .... | ૧૬૬૭ |
| રીઝર્વ અથવા અંકિત ફંડ ખાતે લીધેલ રકમો | | | .... | ૧૪૫૧૧ |
| ટ્રસ્ટના હેતુઓ અંગેનું ખર્ચ :- | | | | |
| બીજા હેતુઓ અંગેનું ખર્ચ | | .... | ૧૩૬૧૭ | |
| | | | ——— | ૧૩૬૧૭ |
| | | | | ——— |
| | | કુલ રૂા. | | ૬૧૪૫૮ |

અમારા આ સાથેના આજ તારીખના રીપોર્ટ મુજબ.

ભાવનગર
તારીખ ૨૧ મે ૧૯૯૨

સંઘવી એન્ડ કાં.
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# એક આનાનો જાદુ

મહાસતી શારદાબાઈના વ્યાખ્યાનમાંથી
અનુવાદક : કે. આર. સલોત

જૈન દર્શન તો કહે છે કે આત્મા સારૂ કાર્ય કરે કે ખોટુ કાર્ય કરે તે શુભાશુભ કર્મોનું વ્યાજ ચઢતું જાય છે પ્રારંભમાં ભલે અલ્પ હોય પણ તેને અલ્પમાંથી અર્થાત્ અણુમાંથી વિરાટ થતા વાર લાગતી નથી કર્મ બાંધે ત્યારે વડના બીજ જેટલુ હોય છે, સમય જતા તે વિશાળ વડલા જેટલું થાય છે તમને એક દાખલો ન્યાયથી સમજાવું.

એક નગરમાં રતનચંદ અને માણેકચંદ નામે બે મીત્રો હતા બન્ને વચ્ચે ગાઢ દોસ્તી, સાથે ભણે, સાથે રમે અને સાથે ફરે. ભણી રહ્યા બાદ બન્નેએ વીચાર કર્યો કે આપણે માબાપને ભારરૂપ ન થવું પડે માટે કંઇક ધંધો કરીએ. ધંધો મુડી હોય તો થાય. એટલી બધી મુડી તો હતી નહી. રતનચંદે એક નાની હાટડી માંડી ધંધો શરૂ કર્યો. અને માણેકચંદે કોઇને ત્યાં નામું લખવની નોકરી લીધી. હવે બન્ને પોતાના કામમાં પડી ગયા એટલે બહુ મળતા નહી, મળે તો માત્ર ખુશી ખબરના સમાચાર અપસ આપસ પુછી છુટા પડી જાય બન્ને પોતાના કામમાં પુરૂષાર્થ ઘણો કરે છે પણ ભાગ્ય નબળુ છે એટલે ખાસ કમાણી થતી નથી, પેટ પુરતુ મળે છે. છેવટે બન્ને મીત્રોએ ભેગા મળીને નિર્ણય કર્યો કે અપણે આ ગામ છોડી બીજે ગામ જઈએ એમ નક્કી કરીને બન્ને મીત્રો એક મોટા શહેરમા ગયા. આપણો આત્મા પણ મનુષ્ય ભવરૂપી મોટા શહેરમાં કમાણી કરવા માટે આવ્યો છે એકેન્દ્રી, વિગલેન્દ્રિય અને અસંજ્ઞી પંચેન્દ્રિય પણામાં જીવને કમાણી થતી ન હતી હવે કમાણી થાય એવી સંજ્ઞી પંચેન્દ્રિય શહેરમાં આવ્યો છે.

બન્ને મીત્રો શહેરમાં નોકરી માટે ફરે છે ફરતા ફરતા રતનચંદને તેના પુણ્યોદયે એક સારા શેઠ મળી ગયા તે કહે છે કે ભાઈ! નોકરીમાં તારૂ શું પુરૂ થાય? હું તને થોડો માલ આપુ તું એક નાની હાટડી લઈને ધંધો કર, કાલ સવારે તારા ચઢતા દિવસ થઇ જાશે. શેઠે તેને નાની હાટડી કરાવી દીધી, બેસવા બાકડો કરાવી દીધો. માણેકચંદને કોઇ માલ ધીરનાર ન મળ્યું તે નોકરી કરવા લાગ્યો. નોકરીમાં માંડમાંડ તેનું પુરૂ થાય એટલો પગાર તેને મળે છે, દેશમાં તો પૈસા મોકલી પણ ન શકે પુણ્ય પાપનો ખેલ છે. બન્ને મીત્રો સાથે આવ્યા છે. છતાં એકનો હાથ ઝાલનાર મળી ગયા, ને બીજાને કોઇ ન મળ્યું. રતનચંદનું તો ભાગ્ય ખીલ્યું તેને આવક વધવા લાગી. બે ત્રણ વરસ વીત્યા ત્યારે રતનચંદભાઈ થોડા સુખી થયા હવે તેમના માનપાન વધ્યા, હવે તેમની કીંમત રતનની જેમ અંકાવા લાગી. એક દીવસ માણેકચંદ રતનચંદની દુકાને આવ્યો બન્ને એક બીજાને ખબર અંતર પુછી. પછી માણેકચંદ કહે છે કેમ મિત્ર ધંધો બરાબર ચાલે છે ને? રતનચંદે હસતુ મોઢું રાખીને કહ્યું ભાઇ માણેકચંદ! ભગવાનની કૃપાથી ધર્મના પ્રતાપે ધંધામાં સારી કમાણી થવા લાગી છે. નફાનું પલ્લુ કેટલુ નમતુ છે તે જોવા માટે દર મહિને નફા-નુકશાનનો હીસાબ ગણુ છુ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તો દર મહીને મુડીમાં વધારો થતો જાય છે. તેથી વધુ શુ જોઈએ ? હું સંતોષથી જીવન વીતાવુ છું. પણ તારી શી સ્થીતિ છે ? ભાઈ ! વેપાર એ વે + પાર તેનો પાર નહી અને નોકરી એટલે નોકરી તેમાં સરવાળે કાંઇ સાર નથી મને આજીવિકા જેટલું મળે છે, બચત છે નહી. દેશમાં શું મોકલું ? તું તો એક જગ્યાએ સ્થીર થઇ બેસી ગયો પણ મે તો ચાર જગ્યાએ નોકરી બદલી પણ કયાંય ફાવ્યું નહી, હવે તો બીજી જગ્યાએ (બીજા દેશમાં) જવાનો વીચાર કર્યો છે. ફરે તે માં ! હવે મારે પરદેશ ખેડવો છે પણ મીત્ર તને એક વાત પુછુ ? મે તારી દુકાને થાપણ મુકી હોત તો તારા ભેગી મારી મુડી પણ ડબ્બલ થવા લાગત મિત્ર ? હું કોઇના પૈસા વ્યાજે લેતો નથી પણ તારે મુકવા હોય તો તારી પરીસ્તીતી ઉચી લાવવા માટે તારા પૈસા લઇશ મિત્ર ! મારી પાસે કાંઇ છે જ નહી પછી શું મુકું ? અત્યારે મારી પાસે મુડીમાં માત્ર એક આનો (તે જમાનાનો) છે ત તું થાપણ તરીકે રાખે તો તને અપુ એક આનાની કાંઇ મુડી કહેવાય. આતો તારો પ્રેમ છે તું મારો મીત્ર છે એટલે લઉં છું. માણેકચદ કહે ને શું વ્યાજ આપીશ ? ભઇ ! તું મારો જીગર જાન મીત્ર છે, દર છ-છ મહીને બમણા કરી દઇશ

માણેકચંદે તેના મીત્રને ત્યાં એક અનાની થાપણ મુકીને પરદેશ ગયો. ત્યાં મોટા વેપારીને ત્યાં મુનીમ તરીકેની નોકરી મળી ગઈ અને પગાર પણ સારો કરી આપ્યો. અને અહીં રતનચંદના ભાગ્યોદય વેપાર ખુબ વધ્યો રતનચદંનું ભાગ્ય ખીલી ગયું રતનચંદ માંથી રતનચંદ શેઠ બની ગયો અને લાખોપતી બની ગયો, અને વધુ કમાવા માટે તેણે તેજ શહેરમાં બીજી બે ત્રણ દુકાનો ખોલી નાખી. અહીંયા માણેકચંદ નોકરી કરે છે. છ છ મહીને બમણા થતા જાય છે, તે ગણતો જાય છે. બેઆના થયા, ચારઆના થયા, રૂપીયો થયો તેને ગણ્યા કરે છે તમારે શું ગણવું છે.

અહીંયા આપણા આત્માને સમજવાનું છે. એ રૂપીયો ગણતો હતો, આપણે 'શું' ગણવું છે. શુભા કર્મો તો આત્મા પર પડેલા છે. દિલાવર દિલથી મનના મોકળા ભાવથી કોઇ જાતની આકાંક્ષા કે ઇચ્છા વગર તપ, જપ, દાન, ધર્મકરણી કરવાની છે.

ભગવાને કહ્યું છે કે, મારો સાધક- આ લોકના સુખોને માટે તપ ન કરે પરલોકમાં મને સુખ મળે તે માટે તપ ન કરે કીર્તી, વર્ણ, શબ્દ અને શ્લાઘા (પ્રશંસા) ને માટે પણ તપ ન કરે અકાંત કર્મની નિર્જરા માટે તપ કરે. આ લોકમાં મને સુખ સંપત્તિ મળે, જગતમાં મારી વાહ વાહ થાય, બધા મારા ગુણ ગાય, મારી કીર્તી વધે, પરલોકમાં મને દેવલોકના સુખ મળે. આ આકાંક્ષાથી તપ નકરે તે એકાંત કર્મ નિર્જરા માટે કરે.

આ આત્મા બેચાર ભવનો મેલો નથી, અનંત ભવનો મેલો છે તમે પંદર દિવસે કપડા ધોવો તે રોજના કરતા વધુ મેલા હોયને ! તે ધોતા વધુ મહેનત પડે તેમ અસંખ્યાત પ્રદેશી આત્મા છે છે તેના ઉપર અનંતકર્મ વર્ગણાઓ ચોંટી છે: આ અનંતા કર્મગણા ઉખેડવા માટે એક ઉપવાસ એક આયંબીલ કરે ઉખડી જાય ખરા ? ના તે મટે શું કરવું પડશે ? મહાપુરૂષોએ આ કર્મવર્ગણાઓને ઉખેડવા માટે માસક્ષમણના પારણે માસક્ષમણ કર્યા ચક્રવતીઓએ છ ખંડની સાહ્યબી છોડીને દીક્ષા લીધી તમે અબજપતી હો કે કરોડપતી ચક્રવૃતિના વૈભવોની આગળ તણખલા જેટલાય નથી સનતકુમાર ચક્રવૃત્તિએ દીક્ષા લીધી મોટા સોળ રોગ થયા છે છતાં મનમાં દુઃખ નથી, આનદ છે, કારણ કે દેહ પરનું મહત્વ ઉઠી ગયું છે. મારા બાંધેલા કર્મો ઉદયમાં આવ્યા છે કર્મો ખપાવવાનો આ સુંદર અવસર છે સમભાવે ભોગવીને કર્મો ખપાવ્યા ધન્ય છે એ આત્માઓને પહેલાના શ્રાવકો મહિનાના છ છ પૌષધ કરતા

(અનુસંધાન પેજ નંબર ૧૪૩ ઉપર જુઓ)



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી મહાવીર જૈન વિદ્યાલય

# અમૃત મહોત્સવ

શ્રી મહાવીર જૈન વિદ્યાલય, મુંબઇ પોતાની વિવિધલક્ષી શૈક્ષણિક પ્રવૃત્તિઓના વિસ્તરણ અર્થે પાંચ કરોડ રૂપિયાની નિધિ એકત્રિત કરવાના શુભ હેતુ સાથે પોતાના અમૃત મહોત્સવ સમારોહની ઉજવણીનો મંગલ પ્રારંભ કરે છે.

આજથી ૭૫ વર્ષ પૂર્વે તા. ૨ માર્ચ, ૧૯૧૪ના દિને શ્રી મહાવીર જૈન વિદ્યાલયની સ્થાપના થઇ હતી. જૈન સમાજ માટે આ દિવસ સુવર્ણાક્ષરે અંકિત થયેલો કહી શકાય. આવી ઐતિહાસિક ઘટનાની પ્રેરણા યુગપ્રવર્તક, બહુશ્રુત અને ક્રાંન્તદૃષ્ટા આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજીની દીર્ઘ દૃષ્ટિ અને ક્રાંતિકારી વિચારધારામાંથી જન્મી હતી. આચાર્યશ્રીએ પણ જૈન સમાજને પોતાની સંપત્તિનો સદ્વ્યય કેળવણીના પ્રચાર અને પ્રસાર અર્થે કરવાની સલાહ આપી હતી.

શ્રી મહાવીર જૈન વિદ્યાલયની સ્થાપનાથી માંડીને આજ દિન સુધીમાં વિદ્યાલયનો લાભ લેનાર વિદ્યાર્થીઓમાંથી લગભગ ૯૦૦૦ વિદ્યાર્થીઓએ પોતાનો અભ્યાસ પૂર્ણ કર્યા પછી દેશ-વિદેશમાં સ્થિર થઇને વિવિધ ક્ષેત્રોમાં પોતાની પ્રતિભા ઝળકાવી છે, આમાંના ઘણાએ તો આ વિદ્યાલયમાંથી મળતી લોન સ્કોલરશિપની વ્યવસ્થાનો લાભ લઇને ડોકટરો, ઇજનેરો, ઉદ્યોગપતિઓ અને ચાર્ટર્ડ એકાઉન્ટન્ટો બનીને યશસ્વી કારકિર્દી બનાવી છે. તો વિવિધ વ્યવસાયો અને વેપાર ધંધામાં પણ સિદ્ધિઓ મેળવી છે આજે તેમાંના લગભગ ૯૦૦ વિદ્યાર્થીઓ અમેરિકા, યુ કે. કેનેડા, જર્મની અને અન્ય દેશોમાં વિવિધ ક્ષેત્રોમાં ઉચ્ચ સ્થાનો શોભાવી રહ્યાં છે.

આવા લોન સ્કોલરોમાંથી પોતપોતાનાં જીવનમાં અને વ્યવસાયમાં સ્વાવલંબી બન્યા પછી લોન પરત કરવા ઉપરાંત વિદ્યાલયનાં વિકાસમાં ઉદાર હાથે પોતાનો ફાળો પણ નોંધાવ્યો છે અને માતૃસંસ્થા પ્રત્યેનું ઋણ અદા કરવાની નૈતિક ફરજ બજાવી છે

આ તમામ પાસાંઓને ધ્યાનમાં રાખીને આ વિદ્યાતીર્થ સમા વિદ્યાલયના અમૃત મહોત્સવ સમારોહની ભવ્ય રીતે ઉજવણી કરવામાં અને તેનો વિશેષ વિકાસ કરવા માટે માતબર ભંડોળ ઊભું કરવાનો સંકલ્પ કર્યો છે.

અમૃત મહોત્સવના આ મંગળ પ્રસંગે અમૃત મહોત્સવ સમિતિ અને ટ્રસ્ટી મંડળ તથા વિદ્યાલયના શુભચિંતકોએ કેટલીક નવતર યોજનાઓ વિચારી છે જેનો સંક્ષિપ્ત ઉલ્લેખ અહીં કરાયો છે.

(૧) અન્ય રાજ્યોમાં પણ વિદ્યાલયની શાખા સ્થાપવા અંગે યોગ્ય પગલાં ભરવાં.

(૨) સાહિત્ય અને સંશોધન પ્રવૃત્તિનો વિકાસ કરવો તથા આગમ સંશોધન ક્ષેત્રે વિશેષ થવું અને પુસ્તકાલયોને સમૃદ્ધ કરવાં

(૩) કન્યા છાત્રાલય ઊભું કરવા માટે આયોજન કરવું.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૪) દેશ-વિદેશમાં વસતા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓની માહિતી આપતી "ડિરેક્ટરી" પ્રકાશિત કરવી

(૫) જૈન ધર્મની યથાર્થ સમજ આપવા અને નવી પેઢીને ધર્માભિમુખ કરવાના હેતુથી જૈન પંડિતો અને વિદ્વાનોને ધર્મપ્રચાર માટે સુવિધાઓ પૂરી પાડવી

(૬) વિદ્યાલયના મકાનોનું આધુનીકરણ કરાવવું, તથા તેની સાથે સંલગ્ન દેરાસરોનું સુશોભન કરાવવું.

(૭) વિદ્યાભ્યાસ પૂર્ણ કરનાર વિદ્યાર્થીઓ માટે ત્યારપછી તેઓ ધંધા-વ્યવસાયોમાં સ્થિર થઇ શકે અને તેમના રહેઠાણના પ્રશ્નો ઉકેલી શકે તે માટે સહાયક અને માર્ગદર્શક થવું.

મુંબઇ સ્થિત વિદ્યાલય ખાતે આવેલ મુખ્ય પુસ્તકાલયને 'શ્રી કાન્તિલાલ ડી કોરા પુસ્તકાલય' એવું નામ આપવાનું નક્કી કરાયું છે. સદ્‌ગત શ્રી કોરા સાહેબે આ મહાન સંસ્થાની સેવા ૫૦ થી વધુ વર્ષો સુધી નિષ્ઠાપૂર્વક અને સમર્પણ ભાવથી કરી હતી રજિસ્ટ્રાર તરીકેની તેમની સેવાઓ સદૈવ ચિરસ્મરણીય રહેશે, એમની સ્મૃતિને આ રીતે વિદ્યાલય ખાતે જોડવામાં આવનાર છે જે માટે સંસ્થાને રૂા ૨,૫૧,૦૦૦/- નું વિશિષ્ટ અનુદાન પ્રાપ્ત થયું છે. પુસ્તકાલયની નામકરણ વિધિ તા. ૪ ઓક્ટોબર, ૧૯૯૨ ના રોજ થનાર છે.

અમૃત મહોત્સવનો મંગળ પ્રારંભ સોમવાર, તા. ૫ ઓક્ટોબર, ૧૯૯૨ના રોજ મહારાષ્ટ્ર રાજ્યના આદરણીય ગવર્નર શ્રી સી સુબ્રહ્મણ્યમના વરદ હસ્તે બિરલા માતુશ્રી સભાગૃહ, ન્યુ મરીન લાઇન્સ ખાતે સંપન્ન થશે ઉપરાંત, વિદ્યાલયની અંધેરી શાખા ખાતે ૬, ઓક્ટોબર, ૧૯૯૨ ના દિને 'સિદ્ધચક્ર પૂજન' નું પણ આયોજન કરાયું છે. વળી, ૧૫, ૧૬, ૧૭ નવેમ્બર ૧૯૯૨ના રોજ વ્યાખ્યાનમાળાનું આયોજન ઈન્ડિયન મર્ચન્ટસ ચેમ્બર હોલ, ચર્ચગેટ ખાતે કરવામાં આવ્યું છે જેમાં સાંપ્રત પ્રવાહો પર નામાંકિત વિદ્વાનો પ્રવચનો આપશે. આ મહોત્સવની ઉજવણી ૧૯૯૩ના જાન્યુઆરીના અધવચ સુધી ચાલતી રહેશે. આના જ કાર્યક્રમો વિદ્યાલયની અમદાવાદ, બરોડા, વલ્લભ વિદ્યાનગર, ભાવનગર અને પૂના ખાતે પણ ગોઠવાયા છે વિદ્યાલયના વિદેશ વસતા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ સમારોહમાં ભાગ લેવા ભારત આવી રહ્યા છે.

ધર્માનુરાગી અને શિક્ષણપ્રેમી જૈન સમાજે તથા વિદ્યાલયના તમામ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ હંમેશ આ પ્રકારની અપીલોને ઉત્તમ પ્રતિસાદ આપીને સંસ્થાની અપેક્ષાઓ પૂર્ણ કરી છે. એથી જ જૈન સમાજને તથા વિદ્યાલયના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને આ પરમાર્થ પ્રેરક અને શૈક્ષણિક પ્રવૃત્તિ પ્રત્યે ઉદાર હાથે પોતાનો સહયોગ આપશે જ એવી શ્રદ્ધા સાથે વિરમીએ છીએ.

---

(અનુસંધાન પેજ નંબર ૧૪૧નું ચાલુ)

હતા આજે પોષધ કરનાર બહુ ઓછા હશે તમે આટલુ તો કરે, ચૌવિહાર કરવો રાત્રી ભોજન ત્યાગ કરવે ૧૦ તીથી લીલોતરી ન ખાવી આટલુ તો કરો. અરે, આજે તો જૈનોના ઘરમાં આઠમ ચૌદશ પાખીના દીવસે લીલોતરી શાખ ખાતા થઈ ગયા રસેન્દ્રિયનો રસ તો જુઓ. યાદ રાખજો કે જેમાં જેનો રસ તેમાં તેનો વાસ જેમા જેની પ્રિતી તેમાં તેની ઉત્પતી, જેમાં જેનુ મન તેમાં તેનું તન, હવે આવતા અંકમાં એક આનાનો જાદુનું રહસ્ય આવશે. હવે વહનું બીજ વાવ્યું અને સમય જતા મોટો વડલો પાપનો થઇ જાય છે. તેનો દાખલો આવતા અંકમાં વાંચજો.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સમાચાર

## શ્રી પંડીત જગજીવન પોપટલાલ સન્માન સમિતિ તરફથી સંસ્કૃત ભાષાનાં વિદ્યાર્થીઓને સન્માનવાનો સામરંભ

શ્રી પંડીત જગજીવન પોપટલાલ સન્માન સમિતિ તરફથી સંસ્કૃત ભાષામાં પચાશી ટકા કે તેથી વધારે ગુણ મેળવ । વિદ્યાર્થીઓને પુરસ્કાર આપવાનો એક સમારંભ તા ૪-૧૦-૧૯૯૨ના રોજ યોજવામાં આવ્યો હતો તે સમારંભમાં આપણી સભાના પ્રમુખ શ્રી પ્રમોદભાઈ ખીમચંદભાઇ શાહ તથા સેક્રેટરી શ્રી કાંતીલાલ રતીલાલ સલોતે ખાસ હાજરી આપી હતી પ્રમુખશ્રીના વરદ્ હસ્તે ઇનામ વીતરણ કરવામાં આવેલ.

## પુજા

આચાર્યશ્રી વિજયકમળસૂરીશ્વરજી મ. સા. ની સ્વર્ગારોહણ તિથિ અંગે ગુરૂભક્તિ નિમીતે તથા આ સભાના ભૂતપૂર્વ ઉપપ્રમુખ સ્વ. શેઠ ફતેહચંદ ઝવેરભાઇ શાહની જન્મતિથિ હોવાથી તેમના પુત્ર ભાઇ હિમતલાલ તરફથી સ્વર્ગસ્થના આત્મકલ્યાણ અર્થે શ્રી જૈન આત્માનંદ સભાનાં હોલમાં સં. ૨૦૪૮ના આસો સુદ ૧૨ને મંગળવાર તા. ૬/૧૦/૯૨ના રોજ બપોર ૩ કલાકે શ્રી સીદ્ધચક્રમંડળના બ્હેનોએ પાર્શ્વનાથ પંચકલ્યાણની પુજા રાગ-રાગણીથી ભણાવવામાં આવી હતી તેમા દર્શના અર્થે મોટા પ્રમાણમ આવેલ હતા અને દરેકને પ્રભાવના કરવામાં આવી હતી.

## નમ્ર નિવેદન

ગુરુ ભગવંતો તથા લેખક મહાશયોને નમ્ર વિનંતી,

માસિકમાં પ્રગટ કરવા યેગ્ય, જૈન સાહિત્ય, દર્શન, ઇતીહાસ, કાવ્યો, વાર્તાઓ તથા સંશોધનને લગતા લેખો મોકલવા વિનંતી.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# દરેક લાયબ્રેરી તથા ઘરમાં વસાવવા જેવા અલભ્ય ગ્રંથો

તારીખ ૧-૯-૮૭ થી નીચે મુજબ રહેશે,

| સંસ્કૃત ગ્રંથો | કીંમત |
|---|---|
| ત્રિશષ્ઠી શલાકા પુરુષચરિતમ્ મહાકાવ્યમ્ પર્વ ૨-૩-૪ પુસ્તકાકારે (મૂળ સંસ્કૃત) | ૫૦-૦૦ |
| ત્રિશષ્ઠી શલાકા પુરુષચરિતમ્ મહાકાવ્યમ્ પર્વ ૨-૩-૪ પ્રતાકારે (મૂળ સંસ્કૃત) | ૫૦-૦૦ |
| દ્વાદશારં નયચક્રમ્ ભાગ ૧લો | ૮૦-૦૦ |
| દ્વાદશારં નયચક્રમ્ ભાગ ૨જો | ૮૦-૦૦ |
| દ્વાદશારં નયચક્રમ્ ભાગ ૩જો | ૮૦-૦૦ |
| શ્રી નિર્વાણ કેવલીભુક્તિ પ્રકરણ મૂળ | ૨૫-૦૦ |
| જિનદત્ત આખ્યાન | ૧૫-૦૦ |
| શ્રી સાધુ-સાધ્વી યોગ્ય આવશ્યક ક્રિયાસૂત્ર પ્રતાકારે | ૨૦-૦૦ |
| પ્રાકૃત વ્યાકરણમ્ | ૫૦-૦૦ |
| **ગુજરાતી ગ્રંથો** | |
| શ્રી શ્રીપાળરાજાનો રાસ | ૪૦-૦૦ |
| શ્રી જાણ્યું અને જોયું | ૫-૦૦ |

| ગુજરાતી ગ્રંથો | કીંમત |
|---|---|
| શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ભાગ ૨જો | ૧૫-૦૦ |
| શ્રી કથારત્ન કોષ ભાગ ૧લો | ૩૦-૦૦ |
| શ્રી આત્મકાન્તિ પ્રકાશ | ૫-૦૦ |
| શ્રી જ્ઞાનપ્રદીપ ભાગ ૧-૨-૩ સાથે લે સ્વ.પૂ આ શ્રી વિ.કસ્તુરસૂરીશ્વરજી | ૪૦-૦૦ |
| શ્રી સુમતિનાથ ચરિત્ર ભાગ ૧ | ૨૫-૦૦ |
| ,, ,, ભાગ-૨ | ૪૦-૦૦ |
| શ્રી નવસ્મરણાદિ સ્તોત્ર | ૭-૦૦ |
| શ્રી શત્રુંજય ગિરિરાજ દર્શન | ૧૦-૦૦ |
| વૈરાગ્ય ઝરણા | ૩-૦૦ |
| ઉપદેશમાળા ભાષાંતર | ૩૦-૦૦ |
| ધર્મ કૌશલ્ય | ૫-૦૦ |
| પૂ૦ આગમ પ્રભાકર પુણ્યવિજયજી શ્રદ્ધાંજલી વિશેષાંક : પાકુ બાઈન્ડીંગ | ૧૦-૦૦ |
| આત્મવિશુદ્ધિ | ૮-૦૦ |
| જૈન દર્શન મીમાંસા | ૫-૦૦ |
| હું અને મારી મા | ૫-૦૦ |
| જંબૂસ્વામિ ચરિત્ર | ૧૨-૦૦ |

લખો :- **શ્રી જૈન આત્માનંદ સભા** ખાર ગેઈટ, ભાવનગર. (સૌરાષ્ટ્ર)


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Atamnand Prakash Regd. No. GBV 31

# દિલનો દીપ જલાવો દિવાળીએ !

આજે દિવ.ળી !

જે દિલના દેવાલયને અજવાળે.... અંતરના આકાશને ઉઘાડે... પ્રાણીના પ્રેમથી પલાળે. દેહના દીપને ઉજવાળે એનું નામ જ દિવાળી ! મન જો મળે.... વેરની ગાંઠો ગળે અને દિ' જો વળે તો જ દિવાળી સાર્થક બને !

'દીપ સે દીપ જલે' નો સંદેશો આપવા માટે આવે છે. આ દિવાળીનું પર્વ વરસો-વરસ અમાવાસથી માંડીને અજવાળી પૂનમ સુધીની યાત્રા એટલે દિવાળીની ઊજવણી !

આપણે પણ દિલના ગોખમાં દિવ્ય દીવા ધેટાવીએ... અંતરને આલોકિત કરે.... જીવન પથને પ્રકાશિત કરે એવા દીવડાં જલ.વીએ !

આજથી ૨૫.૦ વર્ષ પહેલા આસોની અમાસની અંધારી કજ્જવલ-શ્યામ રાતે શ્રમણ પરમાત્મા મહાવીર સ્વામીનો દેહ-દીપ ઓલવાઇ ગયો ૭૨-૭૨ વર્ષ સુધી દુનિયાને દિવ્ય પ્રકાશ આપનાર જ્યોત વિલાઇ ગઇ.... અનત અસીમ અસ્તિત્વમાં અને....જ્યાન્તર-દીપની યાદમાં લોકોએ બાહરી દીવા જલાવ્યા. આ દીવા તો પ્રતિક છે / સંકેત છે ! ખરેખર તો....

તનના કોડિયામાં રહેલી મનની વાટને સ્નેહના ઘીમાં ઝબેળી ને જ્ઞાનની જ્યોત જલાવવ.ની છે !

દિલનો દીપ જલ્યો તો સમજો દિવ.ળી સફળ ને જીવનની સફર સફળ....

તો જ દિવાળી આપણા દિ' વાળશે.

રાત ભલે હો અંધારી
વાટ ભલે હો કાંટાળી,
તમે જલાવો દીપ સ્નેહનાં.

— સ્નેહદીપ

BOOK POST

પ્રતિ,

From,
શ્રી આત્માનંદ પ્રકાશ
C/o. શ્રી જૈન આત્માનંદ સભા
ખાર ગેઇટ, ભાવનગર-૩૬૪૦૦૧

તંત્રી : શ્રી પ્રમોદકાન્ત ખીમચંદ શાહ
પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર.
મુદ્રક : શેઠ હેમેન્દ્ર હરિલાલ, આનંદ પ્રી. પ્રેસ. સુતારવાડ, ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પુસ્તક : ૮૯
સનૌ. ૧૯૯૧-૯૨
સંવત : ૨૦૪૮-૪૯

For Private And Personal Use Only